CC 191218-2024

**<u>આંક–૦૧(ચાર્જશીટ) લગત હુકમ</u>**

(૧). આ કામના આરોપી સામે ધી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૨૩ તથા જી.પી.એકટ કલમ–૧૩૧ મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો બી.એન.એસ.એસ.કલમ–૨૩૦ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીએ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નીવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨). સજા બાબતે આરોપીને સાંભળ્યા. આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે અને તે ગરીબ માણસ છે અને તેઓના ઉપર ઘરની જવાબદારી છે અને હવે પછી આવો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે. એ.પી.પી.એ. આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩). આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ઘ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

**<u>::: હુ ક મ :::</u>**

આ કામના આરોપીને ધી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૨૩ તથા જી.પી.એકટ કલમ–૧૩૧ મુજબના ગુના માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા) દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને (૦૨) દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૧૨/૨૦૨૪.<br>
મુકામ:– અમદાવાદ.

(દેવાંગ રવિરાય જોષી)<br>
૧૩માં એડી.ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,<br>
અમદાવાદ (કોર્ટ નં.૧૨)<br>
કોડ નં.જીજે.૦૦૯૪૫.